# રાષ્ટ્રીય એકતા યાત્રા

ગુજરાત રાજ્યના ધોરણ ૯ થી ૧૨ની શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધાઓ વિગતો નીચે મુજબ છે.

***ખાસ : નોંધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ નીચેની વેબસાઈટ પર આપવામાં આવેલ તારીખ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.***

**વેબ સાઈટ : www.ektayatra.com** (તમામ વિદ્યાર્થીઓ અને પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓના નિબંધ અપલોડ કરવા માટે)

**રજિસ્ટ્રેશનની તારીખો : *૦૧.૧૦.૨૦૧૮ થી ૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન***

## ૧. નિબંધ સ્પર્ધા : (Essay Competition)

**વિષય : " રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક સંવાદિતતા" (National Integration and Communal Harmony"**

**આયોજન : જિલ્લા કક્ષાએ કરવાનુ રહેશે.**

**નિર્ણાયક : માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલ નિર્ણાયકોની કમિટી દ્વારા**

1. નિબંધ સ્પર્ધા માટે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સંદર્ભે નિયામકશ્રી શાળાઓની કચેરી, જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરવાનું રહેશે.
2. જિલ્લા કક્ષાએ આ નિબંધ સ્પર્ધાના આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ ફરજ બજાવવાની રહેશે, જે અંગે કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું માર્ગદર્શન પ્રાપ્ત કરી, યોગ્ય આયોજન સમયમર્યાદામાં કરવાનું રહેશે.
3. સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓના નામ, સમય પત્રક મુજબ જિલ્લા કક્ષાએથી જાહેર કરવાનાં રહેશે, જેની વિગતો નિયત ફોર્મેટમાં રાજ્ય કચેરીને મોકલાવાની રહેશે.

તેમજ આ સ્પર્ધામા ભાગ લેનાર વિદ્યાર્થીઓનું વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. (www.ektayatra.com)

4. ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા માટે પ્રથમ શાળા કક્ષાએ વેબ સાઈટ પર રજીસ્ટર થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન તા ૧૦.૧૦.૨૦૧૮ સુધીમાં કરવું. ત્યારબાદ તેમાંથી આચાર્ય દ્વારા ચકાસણી કરી પ્રથમ ત્રણ નિબંધો ફોરવર્ડિંગ સાથે જિલ્લાના નોડલ અધિકારીશ્રીને મોકલવાના રહેશે.
5. નોડલ અધિકારી શ્રી દ્વારા નિબંધ સ્પર્ધા પૂર્ણ થયા બાદ નિશ્ચિત કરેલ નિર્ણાયક પેનલ (District-DIET) પાસે નિબંધ મોકલવાના રહેશે તેમજ આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે. નિર્ણાયક પેનલ દ્વારા આવેલ નિબંધો પૈકી પહેલો, બીજો અને ત્રીજો નંબર જાહેર કરવાના રહેશે.
6. નિર્ણાયકોના પરિણામના આધારે જિલ્લાની સ્પર્ધાના પ્રથમ ત્રણ ક્રમના નિબંધો નોડલ અધિકારીશ્રી દ્વારા સ્કેન કરી PDF ફોર્મેટમાં પરિણામના દિવસે જ વેબસાઈટ પર અપલોડ કરવાના રહેશે. (www.ektayatra.com)
7. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામા વિજેતા બનેલ પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓને જિલ્લા કક્ષાએ તા.૨૯.૧૦.૨૦૧૮ના રોજ યોજાનાર કાર્યક્રમમાં નીચે દર્શાવ્યા મુજબ પ્રમાણપત્ર અને ઈનામ આપવામાં આવશે.
8. **ઈનામ : જિલ્લા કક્ષાએ (ધોરણ ૯ થી ૧૨)** પુરસ્કાર સ્વરૂપે પહેલો નંબર મેળવનારને ૧૦૦૦/- રૂપિયા, બીજો નંબર મેળવનારને ૬૦૦/- રૂપિયા અને ત્રીજો નંબર મેળવનારને ૪૦૦/- રૂપિયા મળવાપાત્ર રહેશે.
9. આ નિબંધ સ્પર્ધા માટે વહીવટી, અન્ય ખર્ચ ઈનામની કુલ રકમ રુપિયા ૨૦૦૦/- ના ૫૦% રકમ એટલે કે રુપિયા ૧૦૦૦/- ની મર્યાદામાં કરવાનો રહેશે.
10. જિલ્લા કક્ષાએ યોજાનાર કાર્યક્રમમાં નિબંધ સ્પર્ધામા વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટી.એ. અને ડી.એ. મહત્તમ રૂપિયા ૨૫૦/-ની મર્યાદામા ચુકવવાનું રહેશે, જે સંદર્ભિત પત્રની વિગતોને આધીન રહેશે. (લોકલ બસ ભાડું)
11. પ્રમાણપત્રની સોફ્ટ કોપી પી.ડી.એફ. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.

12. આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ તા ૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.

**નોંધ: જે જિલ્લાઓમા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓમાટે નિબંધ સ્પર્ધા થયેલ છે.તેજિલ્લાની શાળાઓએ માત્ર વિદ્યાર્થીઓનુ ઓનલાઇન રજિસ્ટ્રેસન કરાવવનુ રહેશે.** www.ektayatra.com

**કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ....**

1. આ નિબંધ સ્પર્ધામાં કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.
2. આ નિબંધ સ્પર્ધા જિલ્લા કક્ષાએ યોજવાની રહેશે. જીલ્લા કક્ષાએ કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલ નોડલ અધિકારી અને કમિટી દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે તેમજ આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે.
3. કોલેજના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા માટે પ્રથમ કોલેજ કક્ષાએ વેબ સાઈટ પર રજીસ્ટર થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે કોલેજ કક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન તા.૧૦.૧૦.૨૦૧૮ સુધીમાં કરવું ત્યારબાદ તેમાંથી આચાર્ય દ્વારા ચકાસણી કરી પ્રથમ ત્રણ નિબંધ ફોરવર્ડિંગ સાથે જિલ્લાના નોડલ અધિકારીશ્રીને મોકલવાના રહેશે.
4. નિબંધ સ્પર્ધા બાદ નિયત કરેલ નિર્ણાયક પેનલ (District-DIET) પાસે નિબંધ મોકલવાના રહેશે. તેમજ ચકાસણી બાદ પહેલા, બીજા અને ત્રીજા ક્રમની વિગતો તૈયાર કરવાની રહેશે.
5. નિબંધ સ્પર્ધાના અંતે પહેલો, બીજો અને ત્રીજો નંબર જાહેર કરવાના રહશે. આ ત્રણેય નિબંધ જિલ્લાના નોડલ અધિકારીશ્રીએ ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.
6. જિલ્લા કક્ષાએ કોલેજ કક્ષાના પુરસ્કાર સ્વરૂપે પહેલો નંબર આવનારને ૫૦૦૦ રૂપિયા, બીજો નંબરને ૩૦૦૦ રૂપિયા અને ત્રીજો નંબરને ૨૦૦૦ રૂપિયા મળવાપાત્ર રહેશે.
7. આ નિબંધ સ્પર્ધા માટે વહીવટી કે અન્ય ખર્ચ ઈનામની કુલ રકમ રુપિયા ૧૦૦૦૦/- ના ૫૦% એટલે કે રુપિયા ૫૦૦૦/- ની મર્યાદામાં કરવાનું રહેશે.

8. આ નિબંધ સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટી.એ. અને ડી.એ. મહત્તમ રૂપિયા ૨૫૦/- ની મર્યાદામાં ચુકવવાનું રહેશે. જે સંદર્ભિત પત્રની વિગતોને આધિન રહેશે. (લોકલ બસ ભાડુ)
9. નિર્ણાયકોના પરિણામના આધારે જિલ્લાની સ્પર્ધાના પ્રથમ ત્રણ ક્રમના નિબંધ નોડલ અધિકારીશ્રી દ્વારા સ્કેન કરી PDF ફોર્મેટમા પરિણામના દિવસે જ વેબસાઈટપર અપલોડ કરવાના રહેશે. (www.ektayatra.com)
10. **આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ તા ૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.**
11. પ્રમાણપત્રની સોફ્ટ કોપી પી.ડી.એફ. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.

**નોંધ જે જિલ્લાઓમા :કોલેજોના વિદ્યાર્થીઓમાટે નિબંધ સ્પર્ધા થયેલ છે. તેજિલ્લાની કોલેજોએ માત્ર વિદ્યાર્થીઓનુ ઓનલાઈન રજિસ્ટ્રેસન કરાવવનુ રહેશે.**

**વિશેષ: આપની કચેરી દ્વારા આ પ્રશ્નોત્તરી સ્પર્ધા માટે જોગવાઈ મુજબ થનારા તમામ ખર્ચની વિગતો આ પત્ર સાથે સામેલ પત્રકો મુજબ દરખાસ્ત કરીને સર્વ શિક્ષા અભિયાન રાજ્ય કચેરીને સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.**

## 2. પ્રશ્નોત્તરી સ્પર્ધા (Quiz Contest)

### વિષય: "સરદાર પટેલ અને રાષ્ટ્રીય એક્તા "

**આયોજન : જિલ્લા કક્ષાએ કરવાનું રહેશે.**

**નિર્ણાયક : માન જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલ નિર્ણાયકોની કમિટી દ્વારા (District-DIET)**

**વેબ સાઈટ : www.ektayatra.com (વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન માટે)**

**રજિસ્ટ્રેશનની તારીખો : *૦૧.૧૦.૨૦૧૮ થી ૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન***

પ્રશ્નોત્તરી સ્પર્ધા **માટે ધોરણ ૯ થી ૧૨** ના વિદ્યાર્થીઓ સંદર્ભે નિયામકશ્રી શાળાઓની કચેરી, જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને **કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ** માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરવાનું રહેશે.

1. પ્રશ્નોત્તરી સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓના નામ, સમયપત્રક મુજબ જિલ્લા કક્ષાએથી જાહેર કરવાના રહેશે, જેની વિગતો નિયત ફોર્મેટમાં રાજ્ય કચેરીને મોકલવાની રહેશે. આ ક્વિઝ સ્પર્ધા માટે આ સાથે મોકલવામાં આવેલ (નમુનારૂપ) પ્રશ્ન પુસ્તિકાના આધારે કરવાનું રહેશે.
2. જિલ્લા કક્ષાએ આ પ્રશ્નોત્તરી સ્પર્ધાના આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ફરજ બજાવવાની રહેશે જે અંગે કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું માર્ગદર્શન પ્રાપ્ત કરી, યોગ્ય આયોજન કરવાનું રહેશે.
3. પ્રશ્નોત્તરી સ્પર્ધા પ્રથમ શાળા કક્ષાએ તા ૧૦.૧૦.૧૮ સુધીમાં કરવી
    - ત્યારબાદ શાળામાંથી પસંદ થયેલ ૧-વિદ્યાર્થીની વિગતો નોડલ અધિકારીશ્રીને તા ૧૧.૧૦.૨૦૧૮ સુધીમાં મોકલવી.

- ❖ તા.૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં તાલુકા કક્ષાએ પ્રશ્નોત્તરી સ્પર્ધા સ્પર્ધાનું આયોજન કરવું.
- ❖ તાલુકા કક્ષાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે તા.૨૦.૧૦.૨૦૧૮ સુધીમાં સ્પર્ધાનું આયોજન કરવું.

4. જિલ્લા કક્ષાએ પ્રશ્નોત્તરી સ્પર્ધા પૂર્ણ થયા બાદ નિશ્ચિત કરેલ નિર્ણાયક તરીકે ઉપસ્થિત પેનલ (District-DIET) દ્વારા પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમના વિજેતાઓ નક્કી કરવા તેમજ આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે.
5. જિલ્લા કક્ષાએ પ્રશ્નોત્તરી સ્પર્ધાના અંતે પહેલો, બીજો અને ત્રીજો નંબર જાહેર કરવાના રહેશે અને તેની જાણ વિજેતા વિદ્યાર્થીઓને કરવાની રહેશે.
6. જિલ્લા કક્ષાની પ્રશ્નોત્તરી સ્પર્ધાના નિર્ણાયકોના પરિણામના આધારે જિલ્લાની સ્પર્ધાના પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓની યાદી નોડલ અધિકારીશ્રી દ્વારા સ્કેન કરી PDF ફોર્મેટમા પરિણામના દિવસે જ વેબસાઈટ પર અપલોડ કરવાના રહેશે. (www.ektayatra.com)
7. પ્રમાણપત્રની સોફ્ટ કોપી પી.ડી.એફ. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.
8. **ઈનામ: જિલ્લા કક્ષાએ (ધોરણ ૯ થી ૧૨ માટે)** પુરસ્કાર સ્વરૂપે પહેલો નંબર મેળવનારને ૧૦૦૦/- રૂપિયા, બીજો નંબર મેળવનારને ૬૦૦/- રૂપિયા અને ત્રીજો નંબર મેળવનારને ૪૦૦/- રૂપિયા મળવાપાત્ર રહેશે.
9. જિલ્લાકક્ષાની પ્રશ્નોત્તરી સ્પર્ધા માટે વહીવટી કે અન્ય ખર્ચ ઈનામની કુલ રકમ રુપિયા ૨૦૦૦/- ના ૫૦% રકમ એટલે કે રુપિયા ૧૦૦૦/- ની મર્યાદામાં કરવાનો રહેશે.

10. જિલ્લાકક્ષાની આ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટી.એ. અને ડી.એ. મહત્તમ રૂપિયા ૨૫૦/- ની મર્યાદામાં ચુકવવાનું રહેશે. જે સંદર્ભિત પત્રની વિગતોને આધિન રહેશે.

11. જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં શાળા અને તાલુકા કક્ષાએ આયોજન માટે કોઇ ખર્ચની જોગવાઇ કરેલ નથી. ખર્ચની જોગવાઇ માત્ર જિલ્લા કક્ષાની સ્પર્ધાના માટે જ કરેલ છે.

**12.** **<u>જિલ્લા કક્ષાની આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઇનામ વિતરણ તા.૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.</u>**

## 13. <u>કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાએ....</u>

આ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

1. આ પ્રશ્નોત્તરી સ્પર્ધા જિલ્લા કક્ષાએ યોજવાની રહેશે .
2. આ ક્વીઝ સ્પર્ધા માટે આ સાથે મોકલવામાં આવેલ (નમુનારૂપ( પ્રશ્ન પુસ્તિકાના આધારે વિષય અન્વયે પ્રશ્નો તૈયાર કરીને કરવાનું રહેશે .
3. જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીજિલ્લા વિકાસ અધિકારી/શ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલ નોડલ અધિકારી અને કમિટી દ્વારા પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે તેમજ આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે .
   - **પ્રશ્નોત્તરી સ્પર્ધા પ્રથમ કોલેજ કક્ષાએ તા.૧૦.૧૦.૨૦૧૮ સુધીમાં કરવી.**
   - **ત્યારબાદ કોલેજમાંથી પસંદ થયેલ ૧ વિદ્યાર્થીની વિગતો નોડલ અધિકારીશ્રીને તા.૧૧.૧૦.૨૦૧૮ સુધીમાં મોકલવી.**
   - **તા.૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં તાલુકાકક્ષાએ પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવું.**
   - **તાલુકાકક્ષાના પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે તા.૨૦.૧૦.૨૦૧૮ સુધીમાં સ્પર્ધાનું આયોજન કરવું.**

4. જિલ્લાકક્ષાની પ્રશ્નોત્તરી સ્પર્ધા બાદ નિયત કરેલ નિર્ણાયક પેનલ દ્વારા પહેલા, બીજા અને ત્રીજા ક્રમની વિગતો તૈયાર કરવાની રહેશે અને જિલ્લાના નોડલ અધિકારીશ્રીને આપવાની રહેશે .
5. જિલ્લા કક્ષાની પ્રશ્નોત્તરી સ્પર્ધાના અંતે પહેલો બીજો અને ત્રીજો નંબર જાહેર કરવાના રહશે .
6. નિર્ણાયકોના પરિણામના આધારે જિલ્લાની સ્પર્ધાના પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓની યાદી નોડલ અધિકારીશ્રી દ્વારા સ્કેન કરી PDF ફોર્મેટમાં પરિણામના દિવસે જ વેબસાઇટ પર અપલોડ કરવાની રહેશે) .www.ektayatra.com)
7. પ્રમાણપત્રની સોફ્ટકોપી પીએફ.ડી.. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે .જે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને વિજેતાઓને આપવાની રહેશ.
8. પુરસ્કાર સ્વરૂપે પહેલો આવનારને ૫૦૦૦ રૂપિયા ,બીજો ને ૩૦૦૦ રૂપિયા અને ત્રીજો ને ૨૦૦૦ રૂપિયા મળવાપાત્ર રહેશે.
9. જિલ્લા કક્ષાની આ પ્રશ્નોત્તરી સ્પર્ધાના માટે વહીવટી અન્ય ખર્ચ ઇનામની કુલ રકમ રુપિયા ૧૦૦૦૦ -/ના ૫૦ -/૫૦૦૦ .એટલેકે રુપિયા %ની મર્યાદામા કરવાનો રહેશે.
10. જિલ્લા કક્ષાની આ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટીએ.. અને ડીએ.. મહત્તમ રૂપિયા ૨૫૦ -/ની મર્યાદામાં ચુવવવાનું રહેશે જે સંદર્ભિત પત્રની વિગતોને આધીન રહેશે (લોકલ બસ ભાડુ) .
11. **આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઇનામ વિતરણ તા ૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.**

**વિશેષ: આપની કચેરી દ્વારા આ પ્રશ્નોત્તરી સ્પર્ધા માટે જોગવાઇ મુજબ થનાર તમામ ખર્ચની વિગતો આ પત્ર સાથે સામેલ પત્રકો મુજબ દરખાસ્ત કરીને સર્વ શિક્ષા અભિયાન રાજ્ય કચેરીને સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.**

# 3. ચર્ચા સ્પર્ધા ( Debate Competition)

## વિષય: "સરદાર પટેલ અને રાષ્ટ્રિય એક્તા "

**આયોજન : જિલ્લા કક્ષાએ કરવાનું રહેશે**

**નિર્ણાયક : માન જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલ નિર્ણાયકોની કમિટી દ્વારા (District-DIET)**

**વેબ સાઈટ : www.ektayatra.com**

**રજિસ્ટ્રેશનની તારીખો : *૦૧.૧૦.૨૦૧૮ થી ૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન***

1. ચર્ચા સ્પર્ધા માટે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ સંદર્ભે નિયામકશ્રી શાળાઓની કચેરી, જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરવાનું રહેશે.
2. ચર્ચા સ્પર્ધા સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓના નામ, જિલ્લા કક્ષાએથી જાહેર કરવાનાં રહેશે, જેની વિગતો નિયત ફોર્મેટમા રાજ્ય કચેરીને મોકલાવાની રહેશે.
3. જિલ્લાકક્ષાએ આ ચર્ચા સ્પર્ધાના આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ફરજ બજાવવાની રહેશે. જે અંગે કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું માર્ગદર્શન પ્રાપ્ત કરી, યોગ્ય આયોજન ત્રણ જૂથમાં કરવાનું રહેશે.
   - **ચર્ચા સ્પર્ધા પ્રથમ શાળા કક્ષાએ તા ૧૦સુધીમા ૧૮.૧૦.૦ કરવી.**
   - **ત્યારબાદ શાળામાંથી પસંદ થયેલ ૧-વિદ્યાર્થીની વિગતો નોડલ અધિકારીશ્રીને તા.૧૧.૧૦.૨૦૧૮ સુધીમાં મોકલવી.**
   - **તા.૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં તાલુકા કક્ષાએ ચર્ચા સ્પર્ધાનું આયોજન કરવું.**
   - **તાલુકાકક્ષાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે તા.૨૦.૧૦.૨૦૧૮ સુધીમાં સ્પર્ધાનું આયોજન કરવું.**
4. જિલ્લાકક્ષાની ચર્ચા સ્પર્ધા પૂર્ણ થયા બાદ નિશ્ચિત કરેલ નિર્ણાયક પેનલ દ્વારા વિજેતાના જુથ પ્રથમ, બીજુ અને ત્રીજુ એમ નક્કી કરવામાં આવશે. આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે.

5. જિલ્લાકક્ષાની ચર્ચા સ્પર્ધાના અંતે પહેલો, બીજો અને ત્રીજો નંબર જાહેર કરવાના રહેશે.
6. નિર્ણાયકોના પરિણામના આધારે જિલ્લાની સ્પર્ધાના પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓની યાદી નોડલ અધિકારીશ્રી દ્વારા સ્કેન કરી PDF ફોર્મેટમાં પરિણામના દિવસે જ વેબસાઇટ પર અપલોડ કરવાની રહેશે. (www.ektayatra.com)
7. પ્રમાણપત્રની સોફ્ટકોપી પી.ડી.એફ. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે. આ પ્રમાણપત્રો ભાગ લેનાર અને વિજેતા વિદ્યાર્થીઓને આપવાના રહેશે.
8. ઈનામ: **જિલ્લા કક્ષાએ (ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને)** પુરસ્કાર સ્વરૂપે પહેલો નંબર મેળવનારને ૧૦૦૦/- રૂપિયા, બીજો નંબર મેળવનારને ૬૦૦/- રૂપિયા અને ત્રીજો નંબર મેળવનારને ૪૦૦/- રૂપિયા મળવાપાત્ર રહેશે.
9. **જિલ્લા કક્ષાએ** આ ચર્ચા સ્પર્ધા માટે વહીવટી કે અન્ય ખર્ચ ઈનામની કુલ રકમ રુપિયા ૨૦૦૦/- ના ૫૦% રકમ એટલે કે રુપિયા ૧૦૦૦/- ની મર્યાદામાં કરવાનો રહેશે.
10. **જિલ્લા કક્ષાએ** આ ચર્ચા સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટી.એ. અને ડી.એ. મહત્તમ રૂપિયા ૨૫૦/- ની મર્યાદામાં ચુકવવાનું રહેશે. જે સંદર્ભિત પત્રની વિગતોને આધિન રહેશે.
11. **જિલ્લા કક્ષાએ આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ તા ૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.**

## કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાની સ્પર્ધાનુ આયોજન

1. જિલ્લા'કક્ષાની આ ચર્ચા સ્પર્ધામાં કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે . આ માટે વિદ્યાર્થીઓએ આપેલ વેબસાઇટ પર સમય મર્યાદામાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે .
2. જિલ્લાકક્ષાની આ ચર્ચા સ્પર્ધા જિલ્લા કક્ષાએ યોજવાની રહેશે .
3. જિલ્લાકક્ષાની આ ચર્ચા સ્પર્ધા માટે આ સાથે મોકલવામા આવેલ વિષયના આધારે કરવાનું રહેશે .

❖ **ચર્ચા સ્પર્ધા પ્રથમ શાળાકક્ષાએ તા ૧૦સુધીમા ૧૮.૧૦.ં કરવી.**

- ❖ **ત્યારબાદ શાળા માથી પસંદ થયેલ ૧-વિદ્યાર્થીની વિગતો નોડલ અધિકારીશ્રીને તા.૧૧.૧૦.૨૦૧૮ સુધીમાં મોકલવી.**
- ❖ **તા.૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં તાલુકા કક્ષાએ ચર્ચા સ્પર્ધાનું આયોજન કરવું.**
- ❖ **તાલુકા કક્ષાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે તા.૨૦.૧૦.૨૦૧૮ સુધીમાં સ્પર્ધાનું આયોજન કરવું.**

4. જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીજિલ્લા વિકાસ અધિકારી/શ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલ નોડલ અધિકારી અને કમિટી દ્વારા સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે તેમજ આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે .
5. જિલ્લાકક્ષાની ચર્ચા સ્પર્ધા બાદ નિયત કરેલ નિર્ણાયક પેનલ દ્વારા જિલ્લાકક્ષાની ચર્ચા સ્પર્ધાના પહેલા, બીજા અને ત્રીજા ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓની વિગતો તૈયાર કરવાની રહેશે અને જાહેર કરવાના રહેશે .
6. નિર્ણાયકોના પરિણામના આધારે જિલ્લાની સ્પર્ધાના પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓની યાદી નોડલ અધિકારીશ્રી દ્વારા સ્કેન કરી PDF ફોર્મેટમાં પરિણામના દિવસે જ વેબસાઈટ પર અપલોડ કરવાના રહેશે) .www.ektayatra.com)
7. પ્રમાણપત્રની સોફ્ટ કોપી પીએફ.ડી.. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે .
8. જિલ્લા કક્ષાની ચર્ચા સ્પર્ધા માટે પુરસ્કાર સ્વરૂપે પહેલો આવનાર ને ૫૦૦૦ રૂપિયા, બીજો ને ૩૦૦૦ રૂપિયા અને ત્રીજા ને ૨૦૦૦ રૂપિયા મળવાપાત્ર રહેશે.
9. જિલ્લા કક્ષાની આ ચર્ચા સ્પર્ધાના માટે વહીવટી કે અન્ય ખર્ચ ઈનામની કુલ રકમ રુપિયા ૧૦૦૦૦-/ ના ૫૦એટલે % કે રુપિયા-/૫૦૦૦ . ની મર્યાદામાં કરવાનું રહેશે
10. જિલ્લા કક્ષાની આ ચર્ચા સ્પર્ધામા વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટીએ.. અને ડીએ.. મહત્તમ રૂપિયા ૨૫૦ની મર્યાદામા-/ ચુકવવાનું રહેશે જે સંદર્ભિત પત્રની વિગતોને આધિન રહેશે .
11. જિલ્લા કક્ષાની આ ચર્ચા સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ તા.૨૯૨૦૧૮.૧૦. ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.

**વિશેષ: આપની કચેરી દ્વારા આ ચર્ચા સ્પર્ધા માટે જોગવાઇ મુજબ થનારા તમામ ખર્ચની વિગતો આ પત્ર સાથે સામેલ પત્રકો મુજબ દરખાસ્ત કરીને સર્વ શિક્ષા અભિયાન રાજ્ય કચેરીને સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.**

# 4. રાષ્ટ્રીય એક્તા અંતર્ગત વિડીયો (૧- મિનિટ) ફિલ્મ (Mobile Film on National Unity)

## વિષય: "રાષ્ટ્રિય એક્તા "

**આયોજન : જિલ્લાકક્ષાએ કરવાનું રહેશે**

**નિર્ણાયક : માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવમાં આવેલ નિર્ણાયકોની કમિટી દ્વારા (District-DIET)**

**વેબ સાઈટ : www.ektayatra.com**

**રજિસ્ટ્રેશનની તારીખો :** *૦૧.૧૦.૨૦૧૮ થી ૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન*

1. રાષ્ટ્રીય એક્તા અંતર્ગત મોબાઈલ થી રેકોર્ડ કરેલ ૧-મિનિટની વિડીયો ફિલ્મ સ્પર્ધા માટે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સંદર્ભે નિયામકશ્રી શાળાઓની કચેરી, જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરવાનું રહેશે.
2. રાષ્ટ્રીય એક્તા અંતર્ગત મોબાઈલથી રેકોર્ડ કરેલ, ૧-મિનિટની વિડીયો ફિલ્મ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓના નામ, જિલ્લા કક્ષાએથી જાહેર કરવાના રહેશે, જેની વિગતો નિયત ફોર્મેટમાં રાજ્ય કચેરીને મોકલાવાની રહેશે.
3. www.ektayatra.com વેબસાઈટ રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ પોતાના મોબાઈલમાં આ સાથે મોકલવામાં આવેલ ફોર્મેટમાં ૧-મિનિટ્નો વિષય અન્વયે તૈયાર કરેલ વિડીયો અપલોડ કરવાનો રહેશે.

4. આ ૧- મિનિટની વિડીયો (ફિલ્મ મોબાઇલમાં AVI -MP-4 ફોર્મેટ્માં જ દર્શાવેલ વિષય "રાષ્ટ્રીય એકતા" **(National Unity)**ના થીમ પર તૈયાર/ રેકોર્ડ કરવાની રહેશે જેથી વેબસાઈટ પર તા ૨૦.૧૦.૨૦૧૮ સુધીમાં અપલોડ કરી શકાશે.
5. જિલ્લાકક્ષાએ આ સ્પર્ધાના આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ફરજ બજાવવાની રહેશે જે અંગે કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું માર્ગદર્શન પ્રાપ્ત કરી, રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓ દ્વારા વિડીયો અપલોડ થયા બાદ વેબ સાઈટના પરથી અપલોડ થયેલ વિડીયો નિશ્ચત કરેલ નિર્ણાયક પેનલ દ્વારા વિજેતાના પ્રથમ, બીજુ અને ત્રીજુ ક્રમ તા.૨૧-૨૨.૧૦.૨૦૧૮ સુધીમાં નક્કી કરવામાં આવશે. આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે.
6. પ્રમાણપત્રની સોફ્ટ કોપી પી.ડી.એફ. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.
7. **ઇનામ: જિલ્લાકક્ષાએ** સ્પર્ધા માટે પુરસ્કાર સ્વરૂપે પહેલો નંબર મેળવનાર ને ૧૦૦૦/- રૂપિયા, બીજો નંબર મેળવનારને ૬૦૦/- રૂપિયા અને ત્રીજો નંબર મેળવનાર ને ૪૦૦/- રૂપિયા મળવાપાત્ર રહેશે

7. જિલ્લા કક્ષાની આ સ્પર્ધા માટે વહીવટી કે અન્ય ખર્ચ ઇનામની કુલ રકમ રુપિયા ૨૦૦૦/- ના ૫૦% રકમ એટલે કે રુપિયા ૧૦૦૦/- ની મર્યાદામાં કરવાનો રહેશે.
8. જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટી.એ અને ડી.એ મહત્તમ રૂપિયા ૨૫૦/- ની મર્યાદામાં ચુકવવાનું રહેશે, જે સંદર્ભિત પત્રની વિગતોને આધીન રહેશે.
9. જિલ્લાકક્ષાની <u>**આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઇનામ વિતરણ તા.૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.**</u>

- **કોલેજ અને યુનિવર્સિટીના  વિદ્યાર્થીઓ માટે ....**

1. જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
2. જિલ્લા કક્ષાની આ સ્પર્ધા જિલ્લાકક્ષાની રહેશે જે માટે વિદ્યાર્થીઓએ સમયમર્યાદામાં વિડીયો અપલોડ કરવાના રહેશે.
3. [www.ektayatra.com](http://www.ektayatra.com)  વેબસાઇટ રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ પોતાના મોબાઇલમાં આ સાથે મોકલવામાં આવેલ ફોર્મેટમાં ૧ મિનિટ્નો વિષય અન્વયે તૈયાર કરેલ વિડીયો અપલોડ કરવાનો રહેશે.
4. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ૧- મિનિટ્ની વિડીયો ફિલ્મ મોબાઇલમાં AVI -MP-4 ફોર્મેટ્માં જ દર્શાવેલ વિષય" રાષ્ટ્રીય એક્તા" ના થીમ પર તૈયાર/રેકોર્ડ કરવાની રહેશે જેથી વેબસાઇટ પર  તા. ૨૦.૧૦.૨૦૧૮ સુધીમાં જ  અપલોડ કરી શકાશે.
5. જિલ્લા કક્ષાએ આ સ્પર્ધાના આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ફરજ બજાવવાની રહેશે. જે અંગે કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું માર્ગદર્શન પ્રાપ્ત કરી, રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓ દ્વારા વિડીયો અપલોડ થયા બાદ (૨૧-૨૨.૧૦.૨૦૧૮) સુધીમાં  નિશ્ચિત કરેલ નિર્ણાયક પેનલ દ્વારા વિજેતાના જૂથ પ્રથમ, બીજુ અને ત્રીજુ એમ નક્કી કરવામાં આવશે. આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે.
6. પ્રમાણપત્રની સોફ્ટ કોપી પી.ડી.એફ. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામા આવે છે.
7. જીલ્લાકક્ષાએ કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું  માર્ગદર્શન હેઠળ નક્કી  કરવામાં આવેલ નોડલ અધિકારી દ્વારા આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવવાના રહેશે.
8. જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પુરસ્કાર સ્વરૂપે પહેલો આવનાર ને ૫૦૦૦ રૂપિયા, બીજો  ને ૩૦૦૦ રૂપિયા અને ત્રીજો ને ૨૦૦૦ રૂપિયા મળવાપાત્ર રહેશે.

9. જિલ્લાકક્ષાની આ સ્પર્ધાના માટે વહીવટી કે અન્ય ખર્ચ ઈનામની કુલ રકમ રુપિયા ૧૦૦૦૦/- ના ૫૦% એટલે કે રુપિયા. ૫૦૦૦/- ની મર્યાદામાં કરવાનું રહેશે

10. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ટી.એ. અને ડી.એ. મહત્ત્મ રૂપિયા ૨૫૦/- ની મર્યાદામાં ચુકવવાનું રહેશે. જે સંદર્ભિત પત્રની વિગતોને આધિન રહેશે.

11. <u>**જિલ્લા કક્ષાની આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ કાર્યક્રમ તા ૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.**</u>

<u>**વિશેષ: આપની કચેરી દ્વારા આ સ્પર્ધા માટે જોગવાઇ મુજબ થનારા તમામ ખર્ચની વિગતો આ પત્ર સાથે સામેલ પત્રકો મુજબ દરખાસ્ત કરીને સર્વ શિક્ષા અભિયાન રાજ્ય કચેરીને સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.**</u>

## આ ચાર સ્પર્ધાના આયોજન માટે ધ્યાને લેવાની જરૂરી સુચનાઓ

## ખાસ સુચનાઓ

1. જિલ્લાકક્ષાની ચાર (૪) સ્પર્ધાઓના આયોજન અને અમલીકરણ માટે જિલ્લાકક્ષાના નોડલ અધિકારીની નિમણૂંક કરવાની રહેશે.
2. આ ચાર સ્પર્ધાઓનું આયોજન સમય મર્યાદામાં કરવાનું રહેશે.
3. જિલ્લાકક્ષાની ચાર સ્પર્ધામાં ધોરણ ૯ થી ૧૨ ના અને કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઈ શક્શે.
4. ધોરણ ૯ થી ૧૨ ના અને કોલેજ કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે સુચવ્યા મુજબના વિદ્યાર્થીએ www.ektayatra.comની વેબસાઈટ પર

તા.૦૧.૧૦.૨૦૧૮ થી તા.૧૫.૧૦.૨૦૧૮ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

5. આપેલ ચાર સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓના નામ, શાળા, ધોરણની પ્રમાણિત યાદી શાળા/કોલેજના આચાર્ય દ્વારા પ્રમાણિત કરી જિલ્લાના નોડલ અધિકારીશ્રીને મોકલવાની રહેશે.
6. નોડલ અધિકારીશ્રીએ વેબસાઈટ પર રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓની વિગતોની ખરાઇ કરવાની રહેશે અને નિયત સિવાય નો જો કોઇ અન્ય બાળકો જણાય કે જેઓ આ સ્પર્ધાઓ માટેની પાત્રતા ધરાવતાના હોય તો તે ફાઇનલ યાદીમાંથી રદ કરવાના રહેશે.
7. જિલ્લાકક્ષાની ચાર સ્પર્ધાઓના ઈનામ માટેનો સુચવ્યા મુજબનો નિયમાનુંસાર ખર્ચ જિલ્લા કક્ષાએથી કરવાનો રહેશે. જે સર્વ શિક્ષા અભિયાન રાજ્ય કચેરી દ્વારા રીએમ્બર્સ કરવામાં આવશે. આ સ્પર્ધાઓ માટે જિલ્લાકક્ષાએ જરૂરી રેકોર્ડ્સ નિભાવવાના રહેશે.
8. પ્રમાણપત્રની સોફ્ટ કોપી પી.ડી.એફ. અને સોફ્ટકોપીમાં આપની જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે. જે જિલ્લા કક્ષાએથી પ્રિન્ટ કરાવીને આપવાના રહેશે.
9. આ સમગ્ર સ્પર્ધાના આયોજન માટે દર્શાવ્યા મુજબનો થનાર ખર્ચ હાલની સ્થિતિએથી સંલગ્ન કચેરી (ડી.ઈ.ઓ. કચેરી/યુનિવર્સિટી દ્વારા) જિલ્લા કક્ષાએથીકરવાનો રહેશે. જે સર્વ શિક્ષા અભિયાન રાજ્ય કચેરી દ્વારા રીએમ્બર્સ કરી આપવામાં આવશે.
10. આ ચાર સ્પર્ધાઓના આયોજન માટેનુ સમયપત્રક નીચે મુજબ છે.
11. **જિલ્લાકક્ષાની આ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ તા ૨૯.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કે પ્રભારી સચિવશ્રીના વરદહસ્તે કરાવવાનું રહેશે.**

12. **જિલ્લાકક્ષાની ચાર (૪) સ્પર્ધાઓનો સચિત્ર વિગતે અહેવાલ તૈયાર કરી જિલ્લા કચેરી ખાતે રાખવાનો રહેશે.**

13. **આ** સ્પર્ધાઓ અંગે માહિતી માટે  સર્વ શિક્ષા અભિયાન કચેરી ના સમ્પર્ક માટેની વિગતો નીચે મુજબ છે.


૧.શ્રી હિતેન્દ્ર જોષી (OIC- AS) સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર
stpguj@gmail.com   9898267389
૨.શ્રી અનિલ ઉપાધ્યાય (સ્ટેટ રિસોર્સ પર્સન-ક્યુ ઈ સેલ) સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર 9426808513

# <u>રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક સંવાદિતા વિષય અન્વયે ચાર સ્પર્ધાઓના આયોજન માટેનું સમયપત્રક</u>

| ક્રમ | સ્પર્ધા ની વિગતો | તારીખ/ માસ |
|---|---|---|
| 1 | જિલ્લા કક્ષાએથી નિબંધ સ્પર્ધા માટે શાળા, કોલેજોને જાણ કરવી | ૨૭.૦૯.૨૦૧૮ |
| 2 | શાળા (ધો ૯થી ૧૨)/કોલેજો પાસેથી વિદ્યાર્થીઓના નામો ફાઈનલ કરી વેબ સાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્વુ | ૧૦-૧૫.૧૦.૨૦૧૮ |
| 3 | જિલ્લા કક્ષાએ ફાઈનલ લીસ્ટના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધા યોજવી | ૧૬-૨૦-૧૦.૨૦૧૮ |
| 4 | તજજ્ઞોની કમિટીને નિબંધો મોક્લી ક્રમાંક ૧ થી ૩ વિજેતાની પસંદગી કરવી | ૧૬-૨૦-૧૦.૨૦૧૮ |
| 5 | જિલ્લાકક્ષાની તજજ્ઞોની કમિટીને નિબંધો મોક્લી ક્રમાંક ૧ થી ૩ વિજેતાની પસંદગી કરવી અને પ્રથમ ત્રણ વેબસાઈટ પર અપલોડ કરવી. | ૨૦-૨૨.૧૦.૨૦૧૮ |
| 6 | આ કામગિરીનો બહોળો પ્રચાર પ્રસાર કરવો | ૧૬-૨૦.૧૦.૨૦૧૮ |
| 7 | ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓ માટે તેમજ પહેલો–બીજો અને ત્રીજા ક્રમે આવનારા વિદ્યાર્થીઓના પ્રમાણપત્રો તૈયાર કરવા | ૨૩-૨૫.૧૦.૨૦૧૮ |
| 8 | પહેલા ત્રણ વિજેતા વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર સ્પર્ધાની નિબંધ સંગ્રહ પુસ્તિકા તૈયાર કરવી. | ૦૫. ૧૧.૨૦૧૮ |
| 9 | આ સ્પર્ધા માટે થનાર ખર્ચ માટેની અને કરેલ ખર્ચ રીએમ્બર્સ માટે જિલ્લાની સક્ષમ કચેરીએ પોતાની રાજ્ય કચેરીને મોકલવી અને સલગ્ન રાજ્ય કચેરીએ સર્વ શિક્ષા અભિયાન રાજ્ય કચેરીને દરખાસ્ત કરી ખર્ચની રકમ મેળવવાની રહેશે. | અત્યારી કાર્યક્રમ<br><br>માટેની ગાઈડ્લાઈન મુજબ ખર્ચ કરવો જે આપને રીએમ્બર્સ કરવામાં આવશે. |
| 9 | આ સમગ્ર કામગીરી માટે નાણાકીય ખર્ચ સંલગ્ન કચેરીના નોડલ અધિકારી દ્વારા કરવામા આવેલ દરખાસ્ત મુજબ જોગવાઈને આધીન ચુકવવામાં આવશે. | ૧૫.૧૦.૨૦૧૮ |
| 10 | જિલ્લાકક્ષાના પહેલા ત્રણ ક્રમના વિજેતા વિદ્યાર્થીઓના નામ, સરનામુ, સંપર્ક નંબર, આધાર કાર્ડ નંબર, બેંક એકાઉન્ટ નંબર વગેર માહિતી એકત્ર કરવાની રહેશે. જેના આધારે ઈનામ વિતરણ માટે ચુકવવામાં આવશે. | જિલ્લા કક્ષાએ રાખવા |
| ૧૧ | જિલ્લાકક્ષાએ પ્રમાણપત્રો અને ઈનામ વિતરણનો કાર્યક્રમ | ૨૯.૧૦.૨૦૧૮ |

તા

## શાળા/કોલેજના વિદ્યાર્થી પ્રમાણીકરણપત્રક

**આથી પ્રમાણપત્ર આપવામા આવેછે. કે આ સાથે સામેલ .... થી ..... ક્રમના વિદ્યાર્થીઓ અમારી શાળા(ધોરણ-૯થી૧૨)/કોલેજના છે. જેઓએ www.ektayatra.comની વેબસાઈટ પર રજીસ્ટ્રેસન કરાવેલ છે. અને તેઓ જિલ્લાકક્ષાની ચાર સ્પર્ધામાટેની લાયકાત ધરાવે છે.**

**સહી**

**સિક્કો**

**આચાર્ય શ્રી**




# “એકતા યાત્રા”

# રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક સંવાદિતતા

# જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ

1.નિબંધ સ્પર્ધા (Essay Competition )

2.પ્રશ્નોત્તરી સ્પર્ધા ) Quiz Contest )

3.ચર્ચા સ્પર્ધા ) Debate Competition)

4.રાષ્ટ્રીય એકતા અંતર્ગત વિડીયો ફિલ્મ (મિનિટ -૧)

(Mobile Film on National Unity)

## *“એક ભારત શ્રેષ્ઠ ભારત”*